# વાણિજયિક વેરા ચેકપોસ્ટનું રેકર્ડ તપાસવા દેવા આદેશ

તા-10-04-2007-ગુજ. સમાચાર

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,સોમવાર

રાજ્યના વાણિજયિક વેરા ખાતાની ચેકપોસ્ટ પરના વિવિધ ફોર્મની નકલો જોવા દેવા તથા માગણી થાય તેટલી નકલો વિનામુલ્યે આપવાનો હુકમ તાજેતરમાં રાજ્યના માહિતી આયોગ દ્વારા કરાયો છે. શરૂઆતમાં આ માહિતી આપવાનો ઈન્કાર કરનાર વાણિજયિક વેરા ખાતાએ હવે જો અરજદાર તમામ ફોર્મની નકલ માગે તો લાખો રૂપિયાનો ખર્ચ કરવો પડી શકે છે. વાણિજયિક વેરા ખાતા દ્વારા ખાસ કરીને ટ્રાન્ઝીટ ફોર્મ ભરાવાયા પછી તેની અન્ય ચેકપોસ્ટ પર તપાસ નહીં કરાતી હોવાથી આ જથ્થો બારોબાર રાજ્યમાં જ ઠલવાતો હોવાની અને તેનો વેરો નહિં ભરાતો હોવાની આશંકા છે. વાણિજયિક વેરાના ચેકપોસ્ટ પરના ફોર્મ અને આરટીઓ ચેકપોસ્ટ પરના ફોર્મની સંખ્યા સરખાવવામાં આવે તો અનેક વાહનો આરટીઓના ચેકીંગમાંથી છટકી જતાં હોવાની વિગતો પણ બહાર આવે તેમ છે.

## રેકર્ડની ચકાસણીથી વેટ ચોરી તથા આરટીઓના ભ્રષ્ટાચારની વિગતો બહાર આવી શકે તેમ છે

રાજ્યના વાણિજયિક વેરા ખાતાની દક્ષિણ ગુજરાતમાં ભીલાડ ખાતે આવેલી આંતરરાજ્ય ચેકપોસ્ટ પર કરવેરા વસુલાતની વિગતો માગતી એક અરજી માહિતી અધિકારના ધારા હેઠળ મે-૨૦૦૬માં કરવામાં આવી હતી. અરજદાર આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટે ચેકપોસ્ટ પર વાહનચાલકે રજુ કરવા પડતા ફોર્મ, તેમાંથી ક્યાં-ફોર્મની ક્યાં રેકર્ડ તરીકે જાળવણી થાય છે તથા ઓકટોબર-૨૦૦૫ના મહિનામાં ભરાયેલા ફોર્મ, ગાડી નંબર, માલની વિગતો માગી હતી. આ સમયગાળામાં ફરજ બજાવનારા અધિકારીઓને ડ્યુટી લીસ્ટની પણ માગણી સહાયક નાયબ વાણિજયિક વેરા કમિશનર પાસે માગણી કરાઇ હતી.

અરજદારને જુન-૨૦૦૬માં એવી વિગત અપાઈ હતી કે રાજ્યમાંથી બહાર જતાં ૨,૩૦,૧૧૮ વાહનો પાસેથી ગુજરાત વેચાણવેરા અધિનિયમ ૧૯૬૦ તથા ગુજરાત વેચાણવેરા નિયમો-૧૯૭૦ મુજબ ૪૫(ક)ના ફોર્મ ભરાવાયા હતા. ગુજરાતમાં આવે તે વાહનો પાસે ૪૫ (ગ) ફોર્મ ભરાવાય છે તેવા ૨૪૬૧ ફોર્મ ભરાવાયા હતા. એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલ લઈને જતા અને ગુજરાતમાંથી માત્ર પસાર થતા વાહનોના ટ્રાન્ઝીટ પાસની વિગત માગવામાં આવી હતી. પણ, વાણિજયિક વેરા ખાતાએ આ વિગત આપવા એમ કહીને ઈન્કાર કર્યો હતો કે માલની વિગત વેપારીની અંગત માહિતી કહેવાય તે જાહેર કરી શકાય નહીં. ખાતાએ ડ્યુટી લીસ્ટ નાણાં ભરીને મેળવવા જણાવ્યું હતું.

આથી અરજદારે એપેલેટ ઓથોરિટીને અપીલ કરી હતી. પણ ત્યાંથી સંતોષકારક જવાબ મળ્યો ન હતો. આથી, અરજદારે ઓગષ્ટ-૨૦૦૬માં રાજ્યના માહિતી આયોગને અપીલ કરી હતી.

તાજેતરમાં માહિતી આયોગે અરજદારની સુનાવણી પણ યોજ્યા વિના માત્ર અપીલ જોઈને સીધા જ અરજદારની તરફેણમાં ચુકાદો આપ્યો છે. આ ચુકાદો સીધા ચેકપોસ્ટના સંબંધિત અધિકારીને મોકલાયો હતો.

ચુકાદાના સંદર્ભમાં અરજદારને ચેકપોસ્ટના અધિકારી તરફથી એવો પત્ર મળ્યો છે કે તેઓ આવતા-જતાં વાહનો અંગેની કાર્યવાહીના તમામ રેકર્ડનું નિરીક્ષણ કરી શકે છે. તેની જોઈએ એટલી નકલ વિનામુલ્યે મેળવી શકે છે. ટ્રાન્ઝીટ પાસની વિગતો પણ મેળવી શકે છે.

હવે જો અરજદાર તમામ ફોર્મની નકલ મેળવવાનો આગ્રહ રાખે તો વાણિજયિક વેરા ખાતાને લાખો રૂપિયા ખર્ચવા પડે તેવું બની શકે છે.

અરજદારના જણાવ્યા અનુસાર મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ વચ્ચે અવરજવર માટે ગુજરાતની હદમાંથી પસાર થતા વાહનોને ટ્રાન્ઝિટ પાસ આપવામાં આવે છે. પણ એક રાજ્યમાંથી પ્રવેશનારૂ વાહન અય રાજ્યમાં ગયું કે કેમ તેની ચકાસણી થતી હોવા અંગે આશંકા છે. શક્ય છે કે ઘણા વાહનો ગુજરાતમાં જ માલ ઉતારતા હોય અને વેટની ચોરી થતી હોય.

આ ઉપરાંત, આંતરરાજ્ય હેરફેર કરતાં તમામ વાહનો આરટીઓ ચેકપોસ્ટ પર નોધાતા હોવા અંગે પણ આશંકા છે. વાણિજયિક વેરાની તથા આરટીઓની ચેકપોસ્ટ બાજુ-બાજુમાં હોય છે. બંને ચેકપોસ્ટના રેકર્ડને એકબીજા સાથે સરખાવવામાં આવે તો કઈ ચેકપોસ્ટ તેની કામગીરી બજાવતી નથી અને ભ્રષ્ટાચાર આચરે છે તે પકડી શકાય તેમ છે.